
# સૌને આગોશમાં લેનારી સંસ્કૃતિમાં સંકુચિત માનસિકતાને શાસ્ત્રસંમત ગણીને કોઈનું દિલ દુભાવાય ખરું?

મનકા સિતાર
કેશુભાઇ દેસાઇ

બાળ હનુમાન છલાંગ લગાવીને ઊગતા સૂરજને ગળી જવા કૂદી પડે એ ચાલે પણ કોઈ છેલબટાઉ છોકરો એની પ્રેમિકા સાથે ઝઘડી પડે અને એર ક્રાફ્ટની ઈમરજન્સી બારી ખોલીને બહાર કૂદવાનો કારસો રચે ત્યારે કેટલા નિર્દોષ મુસાફરોનો જીવ જોખમમાં મુકાઈ જાય! અગાઉ એક મુગ્ધ યુવતીએ વિમાનમાંથી આકાશદર્શન કરવા બારી ખોલીને વિમાનની પાંખ પર દોડી જઈ પાઈલટ સહિત બધાના જીવ અધ્ધર કરી દીધા હતા. કોઈ યુવાન એની સહકર્મચારી મહિલાને સતત ઉછીના પૈસા આપે રાખે છે અને પછી એ પરત કરવાની ના પાડે છે ત્યારે છરીના ઘા મારી ચીરી નાખે છે. આવી ઘટનાઓથી સમાચારપત્રો અને ટીવી ચેનલો તરબતર રહેતી



હોય ત્યારે એની પાછળ રહેલી પ્રાકૃત કે વિકૃત માનસિકતાને સમજવી જરૂરી નથી શું?

રાજકારણમાં પ્રવેશી ગયેલી વિકૃતિઓ પ્રજા પર્યંત પહોંચી ગઈ છે. હવાઈ મુસાફરી હવે જનસાધારણ માટે પણ ઉપલબ્ધ બની ગઈ છે ત્યારે પેલી હનુમાનછાપ મુગ્ધતા શમી જવી જોઈએ એને ઠેકાણે એ અકબંધ રહી છે અને જૂના જમાનામાં વટ, વચન અને વેર વાળવા કે પાળવા જાનફેસાની અને ખાંડાના ખેલ ખેલાતા એ પણ એકવીસમી સદી જેમ જેમ આગળ વધતી જાય છે તેમ વધવા લાગ્યા છે. મહાભારત કાળમાં સૈરન્ધ્રી નામ ધારણ કરીને ગુપ્ત વેશમાં રહેતી દ્રૌપદી પર બળજબરી કરવાનો નિંદનીય પ્રયાસ થયો હતો અને કીચકને ભીમે મેથીપાક ચખાડ્યો હતો; મારી જ નાખ્યો હતો. આજે આવી ઘટનાઓ બને છે ત્યારે પણ એના કેન્દ્ર સ્થાને તો કોઈ એકવીસમી સદીની સ્વૈરવિહારિણી આધુનિક સૈરન્ધ્રી જ હોય છે. સમય સાથે મૂલ્યો બદલાતાં રહે છે પણ માનવપ્રકૃતિ તો લગભગ સરખી જ રહે છે. જરા જુદી ભાતનો બદલાવ પ્રયાગરાજ ખાતે ચાલી રહેલા વિશ્વના સૌથી મોટા આસ્થાપર્વ એવા મહાકુંભમાં પણ દૃષ્ટિગોચર થઈ રહ્યા છે! નાગા સાધુઓ અને સાધ્વીઓ સાથે રૂપરૂપના અંબાર સમી અપ્સરાઓ ગંગાજીની ગોદમાં પાપપ્રક્ષાલન કરતી નજરે પડી રહી છે. વિશ્વગુરુ ગણાતા આર્યાવર્તની આભા તો જુઓ! દૂર દેશાવરથી કુંભનું અમૃતપાન કરવા કેટકેટલા જિજ્ઞાસુ ઊમટી પડ્યા છે. શાશ્વત સંસ્કૃતિનું પારણું છે એટલે આ મહાન દેશના વિવિધ ભાગોમાં સમયાંતરે સંસ્કૃતિની ઝાંખી કરાવે એવા ભવ્યાતિભવ્ય મહોત્સવો યોજાતા જ રહે છે. હા, સમય સાથે એમાં પરિવર્તન જરૂર આવવાનું. ધીરુભાઈ અંબાણીનાં લગ્ન અને એમના પૌત્રના પ્રભુતાપ્રવેશ વચ્ચે માંડ 6-7 દાયકાનું અંતર હશે પરંતુ બેઉ વચ્ચે વૈભવ અને ઐશ્વર્યના પ્રદર્શનનું કેવડું મોટું અંતર છે! ધાર્મિક અનુષ્ઠાનો આદિ શંકરાચાર્યની હયાતીમાંયે થતાં હશે અને આજે પણ થતાં રહે છે. સમય સાથે એમાં પણ કેવો ભારે ફરક પડી ગયો છે! કેરળના

**કાલરી ગામમાં જન્મેલા અને લાડમાં ઊછરેલા બાળકને દેશના ચારે ખૂણે ફરી વળી સનાતન ધર્મની કિલ્લેબંધી કરવાની ધૂન ઊપડી અને આખું આર્યાવર્ત એક તાંતણે બંધાઈ ગયું એ કોઈ નાનોસૂનો ચમત્કાર નહોતો**

કાલરી ગામમાં જન્મેલા અને લાડમાં ઊછરેલા બાળકને દેશના ચારે ખૂણે ફરી વળી સનાતન ધર્મની કિલ્લેબંધી કરવાની ધૂન ઊપડી અને આખું આર્યાવર્ત એક તાંતણે બંધાઈ ગયું એ કોઈ નાનોસૂનો ચમત્કાર નહોતો. અદ્દલ એવો જ ચમત્કાર સેંકડો વર્ષ પછી પોતાના રાજકીય ગુરુ ગોપાલકૃષ્ણ ગોખલેનો આદેશ માથે ચડાવી દેશની સાચી ઓળખ મેળવવા દેશવ્યાપી પ્રવાસ કરી મોહનદાસ કરમચંદ ગાંધીએ સર્જ્યો હતો અને દેશને બ્રિટિશ રાજની ગુલામીમાંથી છોડાવવામાં સફળતા મેળવી હતી.

જ્યોતિર્ પીઠના વર્તમાન શંકરાચાર્ય વિચારવાન ધર્માધ્યક્ષ છે અને ધર્મપીઠની ગરિમાને બરાબર સાચવીને મહાકુંભમાં શ્રદ્ધાળુઓની અનેકવિધ સમસ્યાઓનું અને મૂંઝવણોનું સમાધાન કરી રહ્યા છે. એ મહાકુંભમાં રામકથા ગાવા આવેલા મોરારિબાપુ જેવા સંત કથાકારનો આદર કરે છે, એમને ગુજરાતી ભાષામાં ઉમળકાથી આવકારે છે તો બીજી તરફ રામભદ્રાચાર્ય જેવા 'સ્વયંભૂ' જગદગુરુને એમની હેસિયત પણ બતાવી દે છે. એક જગદગુરુને બીજા જગદગુરુ માટે 'સ્વયંભૂ' વિશેષણ વાપરવું પડે છે એ પણ એમના પદ અને પ્રતિષ્ઠાની વિડંબના જ ગણાયને! (રામાનંદ સંપ્રદાયમાં કોઈ પીઠ નહોતી એવી ઐતિહાસિક દલીલ કરી એમણે રામભદ્રાચાર્ય દ્વારા 'તુલસી પીઠ' પોતાના અંગત હિત માટે ઊભી કરાઈ હોવાનું જાહેરમાં નિવેદન કર્યું છે.) અખાડા અને ધર્માચાર્યો પોત પોતાની મહત્તા દેખાડવા અંદર અંદર હૂંસાતૂસી કરતા રહે છે, ઝઘડતા રહે છે અને પાછા એક મંચ પર આવીને હિન્દુરાષ્ટ્રની સ્થાપનાની સુફિયાણી વાતો પણ કરતા રહે છે. પ્રજ્ઞાચક્ષુ જગદગુરુ રામભદ્રાચાર્યને તો જાણે ભીંત પાછળ ભળાતું હોય એમ એ થોડાં વર્ષો પછી ઈસ્લામિક પાકિસ્તાનનું નામોનિશાન મટી જશે એવી આગાહી પણ કરી શકે છે; વળી એમને ખાતરી છે કે વર્તમાન વડાપ્રધાન ચોથી ટર્મ પણ મેળવવાના છે! પરંતુ ભારતીય જ્ઞાનપીઠનો સર્વોચ્ચ સાહિત્યિક એવોર્ડ અને ભારતરત્ન પછીનું રાષ્ટ્રીય સમ્માન પદ્મવિભૂષણ મેળવનારા તથા હિન્દુરાષ્ટ્રની આલબેલ પોકારતા રહેલા આ ધર્માધ્યક્ષ જ્યારે ઉચ્ચ ગણાતા એમના જ સમાજના કેટલાક વર્ગોને ઊંચી અને નીચી કોટિમાં વિભાજિત કરતાં ક્ષુલ્લક જાતિવાદી વલણો દર્શાવે ત્યારે ગરીબડી હિન્દુ પ્રજાને હસવું કે રડવું એ ના જ સમજાય એ સ્વાભાવિક છે. તુલસી પીઠના જગદગુરુની આવી ઉટપટાંગ વાતો સાંભળી રામચરિત માનસના રચયિતા ગોસ્વામી તુલસીદાસને રડવું ના આવે તો જ નવાઈ.

એમની સરખામણીમાં પરંપરાગત વેદશાસ્ત્ર પ્રણીત વિચારધારાને આચરણમાં મૂકીને સંન્યાસધર્મનું સમ્યક્ અર્થઘટન કરતા વિદ્વાન શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી વધુ સ્વીકાર્ય લાગે જ. બલકે એમની વિદ્વત્તા અને સહજતા સનાતન બહારના લોકોને પણ આકર્ષે. એમણે તો પગમાં આદિ શંકરાચાર્યની શાસ્ત્રાજ્ઞાની સાંકળ ચસોચસ બાંધીને ચાલવાનું છે એટલે પોતે બીજા અખાડાઓ જેવી સ્વતંત્રતા ભોગવી શકે તેમ જ નથી. દીક્ષા આપવામાં પણ એમની પરંપરાગત નિયમાવલી આડે આવે. જો શાસ્ત્ર આડું ન આવતું હોત તો એ સ્ત્રી અને કિન્નર સહિત તમામને દીક્ષા આપી ધર્મધ્વજ ફરકાવત. એમને અખાડાના મહામંડલેશ્વરો કે આચાર્યો કરતાં ધર્માનુશાસનની રૂએ ઊંચું પદ સંભાળવાનું છે, જેમાં આદિ શંકરાચાર્યપ્રણીત નિષેધ પાળવા પડે છે. એથી જે સહજતાથી કિન્નર કે સ્ત્રી બીજા અખાડાઓ મારફત સાધુપદવી પામી શકે છે એવું એમના સંસ્થાન મારફત શક્ય નથી પરંતુ એ અખાડાઓના વિરોધી નથી. ધર્મસેવારત તમામને એ અંતઃકરણપૂર્વક સ્વીકારીને બધાને આશીર્વાદ આપે છે. એ તૃતીય જાતિના સંતને પણ આવકારે છે. મને ખાતરી છે કે મુંબઈથી કુંભના અનિર્વચનીય અનુભવ માટે આવેલા તાહિરને પણ એ આશીર્વાદ આપશે જ. જોકે એમણે અન્ય ધર્માવલંબી લોકો કે જે સનાતન પરંપરાઓને નથી માનતા એ કુંભ મેળો માણવા ના આવે તો સારું એવું નિવેદન એમણે સહજભાવે કર્યું હતું અને મને એ નહોતું ગમ્યું.

શંકરાચાર્યના સમયમાં ઈસ્લામ નહોતો. વર્ણાશ્રમ વ્યવસ્થા હતી. છતાં એમણે લખ્યું હતું:

शुनिके च श्वपाके च पंडिता: समदर्शिन:!

અર્થાત્ સાચી સમજણ ધરાવતા માનવી માટે

અનુસંધાન ત્રીજા પાને...



# પાકિસ્તાની પ્રાધ્યાપકે ભારતના બ્રાહ્મણોની કેમ પ્રશંસા કરી?

અબીલ ગુલાલ
જયવંત પંડ્યા

પાકિસ્તાની ચિંતક અને જાણીતા ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર પરવેઝ હૂદભાયે ભારતની શિક્ષણ પ્રણાલિની પ્રશંસા કરી છે. એટલું જ નહીં, ખાસ કરીને વિજ્ઞાનને લઈને તેમણે કહ્યું કે ભારતનો પ્રાચીન ઈતિહાસ દર્શાવે છે કે તેઓ ગણિત અને વિજ્ઞાનમાં સારી સ્થિતિમાં હતા.

પરવેઝ હુદભાયને તાર્કિક શિક્ષણશાસ્ત્રી માનવામાં આવે છે. તેમણે ઘણાં લોકપ્રિય પુસ્તકો પણ લખ્યાં છે અને ઈતિહાસ અંગે તેમનો ઊંડો અભ્યાસ છે.

મહિલા યુટ્યૂબર ઈફ્ફત ઉમર સાથેના પૉડકાસ્ટમાં, ઈફ્ફત ઉમરે કહ્યું કે શૂન્યની શોધ ભારતમાં જ થઈ હતી. આ અંગે પરવેઝ હૂદભાયે કહ્યું કે ભારતના પ્રાચીન ઈતિહાસમાં બ્રાહ્મણોનું વિશેષ ધ્યાન ગણિત પર રહ્યું છે. આર્યભટ્ટનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે તેમણે મોટું યોગદાન આપ્યું છે. આ અંગે ઈફ્ફત ઉમરે કહ્યું કે ભારતમાં જે પ્રકારનાં પ્રાચીન મંદિરો જોવા મળે છે, તે દર્શાવે છે કે તે ગણિત અને વિજ્ઞાનમાં ખૂબ સારી સ્થિતિમાં હતું. મંદિરોની રચના પરથી આ જાણી શકાય છે.

પરવેઝ હૂદભાયે કહ્યું કે ભારતની આ સંસ્કૃતિ ઈસ્લામ પહેલાંની હતી. તે સમયે તેમનું ગણિત ખૂબ સારું હતું અને તેમના દ્વારા આપવામાં આવેલી આ માહિતી આરબો દ્વારા યુરોપ સુધી પહોંચી હતી. તેમણે કહ્યું કે વિજ્ઞાનમાં માત્ર ભારત, ચીન, ઈજિપ્ત અને ગ્રીસ જ આગળ છે. 6000 વર્ષ પહેલા પણ ભારતમાં વિજ્ઞાન અને ગણિત પર કામ ચાલતું હતું. તે સમયે યુરોપ અંધકારમાં હતું. પાકિસ્તાનમાં વિજ્ઞાનને કેવી રીતે પ્રોત્સાહન આપી શકાય? તેના પર પરવેઝ હૂદભાયે કહ્યું કે આ માટે આપણે મુલ્લાઈત (કટ્ટર ઈસ્લામ) છોડવી પડશે. આપણે દરેક બાબતમાં મઝહબ જોવાની જરૂર નથી.

તેમણે કહ્યું કે આપણામાંથી એક મોટો વર્ગ કહે છે કે આપણી પાસે કુરાન છે અને તેમાં બધું લખેલું છે. તે સિવાય અમારે બીજા કશાની જરૂર નથી. આવું રહે તો વિજ્ઞાનને પ્રોત્સાહન કેવી રીતે મળે?

ભારતમાં બ્રાહ્મણોને ગાળો દેવાની એક કુત્સિત વૃત્તિ ચાલે છે. ફિલ્મોમાં ખલનાયક તરીકે દર્શાવવો અથવા દીકરીના પ્રેમમાં અડચણ ઊભી કરનારો પિતા રૂઢિચુસ્ત હિન્દુ બ્રાહ્મણ હશે. ત્રિપુંડ કરનારો શિખાધારી ધોતિયું પહેરનાર હશે. કર્મકાંડ પૂજા કરાવનાર, લગ્ન કરાવનાર બ્રાહ્મણ કૉમેડિયન હશે. 'પડોશન'નો મહેમૂદ હોય કે તેમાં લગ્ન માટે છોકરા-છોકરીનો પરિચય બતાવનાર અભિનેતા સુંદર હોય.

એમાં ના નથી કે કેટલાક કર્મકાંડી બ્રાહ્મણો પૈસા માટે સગવડિયું મુહૂર્ત કાઢી આપે છે. કેટલાક ખોટી કુંડળી

**પાકિસ્તાનના ભૌતિકશાસ્ત્રના પ્રાધ્યાપક પરવેઝ હૂદભાયે કહ્યું છે કે ભારતના પ્રાચીન ઈતિહાસમાં બ્રાહ્મણોનું વિશેષ ધ્યાન ગણિત પર રહ્યું છે. ભારતના IAS અધિકારી નિયાઝ ખાને પણ કહ્યું કે બ્રાહ્મણોની સૌથી મોટી તાકાત તેમની તીક્ષ્ણ બુદ્ધિ અને તર્કશક્તિ હતી. પરંતુ અનુરાગ કશ્યપ જેવા ફિલ્મ નિર્માતા-નિર્દેશક 'બેડ ગર્લ' જેવી ફિલ્મ દ્વારા બ્રાહ્મણોને ખરાબ દર્શાવવાની એકેય તક જતી નથી કરતા**

બનાવી આપે છે. દા.ત. 'લગે રહો મુન્નાભાઈ'માં દિયા મિર્ઝાની ખોટી કુંડળી પૈસા દઈને બોમન ઈરાની બનાવે છે. પણ આવું કયા ક્ષેત્રમાં નથી? કરિયાણામાં ભેળસેળ હોય કે ખાણીપીણી કરનારી રેસ્ટૉરન્ટ હોય, પોલીસ હોય કે વકીલ કે પછી ઈવન, ન્યાયાધીશ, સરકાર હોય કે સરકારી કર્મચારી, શિક્ષક, ખેલ પ્રશિક્ષક... કોઈ ક્ષેત્ર બાકાત નથી. જેમ બધા આતંકવાદી મુસ્લિમ હોવા છતાં એમ કહે છે કે ઈસ્લામ તો શાંતિનો મઝહબ છે, બધા મુસ્લિમો ત્રાસવાદી નથી, ક્રિશ્ચિયન મિશનરી વટાળ પ્રવૃત્તિ કરે છે પણ બધા ઈસાઈ તેવા નથી તો પછી બ્રાહ્મણો માટે આવી માન્યતા સામ્યવાદી વિચારસરણીવાળા, દલિત તરફી પક્ષો અને ફિલ્મવાળાઓ કેમ ઠોકી બેસાડવા માગે છે કે બ્રાહ્મણોએ શોષણ કર્યું છે, તેઓ રૂઢિવાદી હોય છે, જડ હોય છે.

પરવેઝ હૂદભાય જેવા પાકિસ્તાની વિચારકની વાત સમજવા જેવી છે.

ભારતના IAS અધિકારી નિયાઝ ખાને પણ ઉક્ત પાકિસ્તાની લેખકના વિચારોને સમર્થન આપ્યું છે. જોકે પરવેઝ હુદભાય કરતાં પહેલાંથી નિયાઝ ખાન બ્રાહ્મણવાદને શ્રેષ્ઠ ગણાવતા આવ્યા છે.

તેમણે કહ્યું કે હું તેમની (હૂદભાય) સાથે સંમત છું. ખાને લખ્યું કે બ્રાહ્મણોની સૌથી મોટી તાકાત તેમની તીક્ષ્ણ બુદ્ધિ અને તર્ક શક્તિ હતી અને તેથી તેમણે મુસ્લિમ સામ્રાજ્યમાં પણ ઉચ્ચ હોદ્દાઓ પ્રાપ્ત કર્યા હતા. 'બ્રાહ્મણ ધ ગ્રેટ' નામનું પુસ્તક લખનાર એક મુસ્લિમ IAS અધિકારી નિયાઝ ખાન કહે છે કે બૉલિવૂડ સનાતનનું શત્રુ છે.

નિયાઝ ખાનની વાત સાચી પાડતા હોય તેમ વિવાદિત ફિલ્મ નિર્દેશક અનુરાગ કશ્યપની નિર્માતા તરીકેની નવી ફિલ્મ પણ વિવાદમાં છે. તમિલ ફિલ્મ 'બેડ ગર્લ'ના તાજેતરમાં રિલીઝ થયેલા ટીઝરે વિવાદ સર્જ્યો છે. લોકોનો આક્ષેપ છે કે આ ફિલ્મમાં બ્રાહ્મણ સમુદાયને ખોટી રીતે દર્શાવવામાં આવ્યો છે. તેના ટીઝરથી જાણવા મળ્યું છે કે આ ફિલ્મ નિર્માતા-નિર્દેશક એક બ્રાહ્મણ છોકરીને બતાવવા માંગે છે જે સમાજ અને પરિવાર સામે બળવો કરે છે. તે પોતાની રીતે જીવન જીવવા માંગે છે, આ માટે તે તેના માતા-પિતાની વાત પણ સાંભળતી નથી. આ બધામાં પણ એક હદે વાંધો નથી. માતાપિતાની વાત અને સમાજની વાત ખોટી હોય તો સંતાન વિરોધ કરે પણ તેમાં છોકરી, તે પણ શાળામાં ભણતી છોકરીને દારૂની વ્યસની બતાવાઈ છે અને અનેક છોકરાઓ સાથે સંબંધ બનાવતી બતાવાઈ છે.

ઘણા લોકોએ સમાજ સામે વિદ્રોહ કર્યો છે પણ તેમણે પોતાના ચારિત્ર્યનું પતન થવા નથી દીધું, પછી તે રાજા રામમોહન રાય હોય, લોકમાન્ય તિલક હોય, વીર સાવરકર (અસ્પૃશ્યતા નિવારણની ઝુંબેશ તેમણે પણ ચલાવી હતી) કે પછી ગાંધીજી. ફિલ્મકારો માટે દારૂ, માંસમટન અને પતિત ચારિત્ર્ય જ વિદ્રોહનો માપદંડ છે. દુઃખની વાત એ છે કે તેમની વાતને યુવાવર્ગ ઝીલી લઈ તે માર્ગે ચાલે છે.

# ભીષ્મપિતામહનો પરાજય શિખંડી દ્વારા થાય તે નિશ્ચિત

મહાભારત
શિરીષ પંચાલ

ભીષ્મપિતામહ પોતે શિખંડીને મારી શકતા કેમ નથી એનાં કારણ જણાવે છે, એનો અર્થએ થાય કે ભીષ્મ બાણવર્ષા ન કરે પણ શિખંડી તો કરે ને !એટલે ભીષ્મપિતામહનો પરાજય શિખંડી દ્વારા થાય તે નિશ્ચિત થઈ ગયું. આપણને પ્રશ્ન થાય કે શિખંડી કરતાં ય તેજસ્વી વીર પુરુષો તો પાંડવ સેનામાં હતાં, અરે અર્જુન-ભીમ હતા તો એ લડી ન શકે? છેવટે યુદ્ધની તૈયારીઓ થવા લાગી. ભીષ્મ ભૂતકાળમાં પિતાનું પ્રિય કરવા માટે રાજ્યનો, સ્ત્રીઓનો ત્યાગ કરી દીધો હતો એટલે શિખંડી સિવાયના પાંડવસેનાના મહારાથીઓ સામે તો યુદ્ધ કરીશ. એક ઉપમા પ્રયોજે છે. શિખંડી વરુ છે અને ભીષ્મપિતામહ સિંહ છે. સાથે જ તેણે એ પણ જોયું કે શિખંડીની રક્ષાનો ભાર અર્જુને ઉપાડયો છે. હવે અર્જુન ભીષ્મપિતામહની સામે શિખંડીને ઊભો રાખવા માગે છે. અહીં આપણને મૂંઝવણ થાય-અર્જુન શા માટે શિખંડીને આગળ કરે છે. તેને તો ખબર છે ભીષ્મપિતામહ શિખંડી પર બાણવર્ષા નથી કરવાના. એક રીતે વીરોચિત અભિગમ ન કહેવાય. અને વિચિત્રતા તો એ કે આ શિખંડીની રક્ષા અર્જુન કરે છે!

કૌરવોએ યુદ્ધ માટે વ્યૂહ રચના કરી,



કૌરવ અગ્રણીઓને વ્યૂહમાં ગોઠવ્યા એની સામે પાંડવોએ પણ વ્યૂહરચના કરી. પાંડવો જયઘોષ કરતા કૌરવો પર ચઢી આવ્યા. આ વાતાવરણને કારણે પક્ષીઓના ચિત્કાર સંભળાયા, સૂર્ય ઝાંખો થઈ ગયો. શિયાળની લાળીઓ સંભળાવા લાગી. આનાથી વિનાશના સંકેતો મળવા લાગ્યા. અદૃશ્ય રહીને રાક્ષસો બૂમો પાડતા હતા.

અભિમન્યુ કૌરવો સામે યુદ્ધે ચઢયો. તેનો પ્રતિકાર કૌરવો કરી ના શકયા. હાથીઓ મર્યા, તેમના પર બેઠેલા સૈનિકો મર્યા. છેવટે કૌરવ સૈનિકો પલાયન થઈ ગયા અભિમન્યુ ત્યારે તો ઈન્દર જેવો દેખાતો હતો. બધાને એમ લાગ્યું કે આ અભિમન્યુ નથી. પણ બીજો અર્જુન છે. દુર્યોધને ગભરાઈને અલમ્બુષને કહ્યું કે હવે તું આનો સામનો કર અને તેને પરાજિત કર. એટલે તે રાક્ષસરાજે પાંડવસેના પર જોરશોરથી આક્રમણ કર્યું. છેવટે પાંડવસેના પર યુદ્ધ ભૂમિ છોડીને ભાગી નીકળીને દ્રોપદીના પાંચે પુત્રોએ એ રાક્ષસ પર હુમલો કર્યો. તેને ઘાયલ કર્યા. મૂર્છા આવી એટલે થોડો વખત પડયો રહ્યો. પછી સ્વસ્થ થઈને પાંડવોના રથ ભાંગી નાખ્યા.

ધૃતરાષ્ટ્રને આ બધું સાંભળીને ચિંતા થવા માંડી એટલે તેમણે સંજયને બધી ઘટનાઓ વર્ણવવા કહ્યું અલમ્બુષ એક બાજુએ માયાવી હતો અને અભિમન્યુને દિવ્યશસ્ત્રોની જાણકારી હતી.

અલમ્બુષે ભયંકર બાણવર્ષા કરીને અભિમન્યુને ઘાયલ કર્યો. સામે પક્ષે અભિમન્યુએ બાણવર્ષા કરી અલમ્બુષને ઘાયલ કર્યો. છેવટે રાક્ષસ પાસે બીજો કોઈ

**કૌરવોએ યુદ્ધ માટે વ્યૂહરચના કરી, કૌરવ અગ્રણીઓને વ્યૂહમાં ગોઠવ્યા એની સામે પાંડવોએ પણ વ્યૂહરચના કરી. પાંડવો જયઘોષ કરતા કૌરવો પર ચઢી આવ્યા. આ વાતાવરણને કારણે પક્ષીઓના ચિત્કાર સંભળાયા, સૂર્ય ઝાંખો થઇ ગયો. શિયાળની લાળીઓ સંભળાવા લાગી. આનાથી વિનાશના સંકેતો મળવા લાગ્યા. અદશ્ય રહીને રાક્ષસો બૂમો પાડતા હતા**

ઉપાય ન રહ્યો એટલે તામસી માયા પ્રકટ કરી. ચારે બાજુ અન્ધકાર છવાઈ ગયો, પણ યુદ્ધ તો ચાલતું રહ્યું હવે પુત્રની રક્ષા માટે અર્જુન ત્યાં આવી ચઢયા. કૃપાચાર્યે પણ અર્જુનને બાણ માર્યા, સાત્યકિએ પણ કૃપાચાર્ય પર બાણ વર્ષા કરી. પણ અસશ્વત્થાએ સાત્યકિના ધનુષના ટુકડા કરી નાખ્યા સામે પક્ષે બીજું ધનુષ લઈને દ્રોણપુત્ર પર બાણ વર્ષા કરી એટલે દ્રોણ પુત્રની રક્ષા કરવા આવી ચઢયા. અહીં આપણે જોઈ શકીએ છીએ કે સ્વજનોની રક્ષા કરવી જ પડે છે. સાત્યકિએ દ્રોણાચાર્ય પર આક્રમણ કર્યું.

દ્રોણાચાર્ય અને અર્જુન-બંને એક બીજાને વહાલા હતા પણ અત્યારે બંને યુદ્ધ કરવા લાગ્યા. અંગત સંબંધો બાજુ પર રહી ગયા, બંને વચ્ચે ભયાનક યુદ્ધ શરૂ થયું. હવે દુર્યોધને દ્રોણગુરુની રક્ષા કરવા સુશર્માને કહ્યું, એટલે હવે યુદ્ધ અર્જુન અને સુશર્મા વચ્ચે શરૂ થયું. અર્જુનની વીરતાની પ્રશંસા દેવ-દાનવ કરવા લાગ્યા. શકુનીએ નકુલ-સહદેવને રોકયા. શિખંડીએ ભીષ્મ ઉપર બાણ વર્ષા કરી પણ પિતામહે બાણનો કોઈ ઉત્તર ન આપ્યો.

દ્રુપદ, વિરાટ, શિખંડીએ ભેગા મળીને ભીષ્મને ઘાયલ કર્યા. બીજા પાંડવ મહારથીઓ પણ ભીષ્મ પર તૂટી પડયા. ઘણા સૈનિકો પરલોકમાં પહોંચ્યા આમ યુદ્ધસ્ય કથા રમ્ય વાત સાચી પડી.